PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૩/કવા–૦૩/૧૮–૧૯/ 10923 , તા. 21-12-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
શ્રીયા પીનટસ પ્રા.લી.,
– નંદનવન – પટેલ કોલોની,
ગુંદાળા રોડ
ગોંડલ –૩૬૦ ૩૧૧
મો: ૯૮૨૫૦ ૫૮૪૧૭, ૭૦૬૯૦ ૪૬૨૧૩

વિષય :–વધારાની સીક્યુરીટી ડિપોઝીટ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૦૫–૧૨–૧૮ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૭૩/કવા–૦૩/૧૮–૧૯ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૭૩/કવા–૦૩/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૧૨–૧૨–૧૮ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: શ્રીયા પીનટસ પ્રા.લી., ગામ: સડક પીપડીયા**

**રજુઆત કરનાર: અરજદાર વતી તેમના પ્રતિનીધી તરીકે અભયભાઈ ગોરધનભાઈ ઠુમ્મર હાજર રહેલ છે.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : – કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ**

**રજુઆત કરનાર :એમ.જે.લાલકીયા – કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ**

## : હુકમ :

**ફરીયાદ : વધારાની સીક્યુરીટી ડિપોઝીટ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર શ્રીયા પીનટસ પ્રા.લી., ગામ:સડક પીપડીયા તેઓની અરજી ના નોંધણી નંબર :૭૩/કવા–૦૩/૧૮–૧૯ મા જણાવે છે કે, **અત્રેની કચેરી હેઠળના HT વીજગ્રાહક મે. શ્રિયા પીનટસ પ્રા. લી.**, અરજદાર શ્રીયા પીનટસ પ્રા.લી., ના નામે એચ.ટી. વીજજોડાણ નં. **૨૮૫૨૪** પીપળીયા ગામ મુકામે ધરાવે છે. તેમને વર્ષ **૨૦૧૭-૧૮માં તેમના HT વીજજોડાણમાં** લોડ વધારો વાપરવા અંતર્ગત તેઓને પીજીવીસીએલ ના પત્ર નં.૬૫૩૧ તા.૧૭–૦૫–૧૮ થી જાણકારી આપેલ. જે અનુસંધાને – અરજદારે ગંભીરતા સમજીને તેઓની મશીનરી મા જરૂરી ફેરફાર કરી અને વીજવપરાશ ને સીમીત રાખવા કાળજી લીધેલ. **ત્યારબાદ પીજીવીસીએલ ના પત્ર ૪૮૧૫ તા.૧૫–૦૬–૧૮ થી સીક્યોરીટી ડિપોઝીટ પેટે રૂ.૧,૭૧,૨૯૯/– ભરપાઈ કરવા જણાવેલ છે,** તેઓએ તા.૨૬–૦૬–૧૮ થી ભરપાઈ કરી આપેલ છે. ત્યારબાદ ફરીથી પીજીવીસીએલ ના પત્ર નુ.૮૮૬૬ તા.૦૨–૦૭–૧૮ થી તેઓને વીજભાર વધારા ની અરજી તથા સીક્યોરીટી ડિપોઝીટ તેમજ અન્ય ખર્ચ પેટે રૂ. **૧૫૮૬૫૭૭=૦૦** ભરપાઈ કરવા જણાવેલ છે, ત્યારબાદ તેઓને વીજબીલ તા.૧૭–૧૧–૧૮ મા વીજવપરાશ ની રકમ ઉપરાંત વીજભાર વધારા ના ભાવપત્રક ની રકમ રૂ.૧૫,૯૦,૩૪૧/– ઉમેરીને અપાયેલ– જે બીલ તેઓએ ફકત વીજવપરાશ પેટે રૂ.૫,૬૦,૦૦૦/– તા.૨૭–૧૧–૧૮ થી ભરપાઈ કરી આપેલ, તેમજ તેઓને વીજભાર વધારા ની જરૂરીયાત ન હોય – સદર વીજભાર વધારા નુ ભાવપત્રક રદબાતલ કરવા – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |
| ૧.૨ | **ફોરમ કમિટી ની મીટીંગ: તા. ૧૨–૧૨–૧૮ ના રોજ અરજદાર દ્રારા લેખીતમા જણાવાયેલ વર્ષ–૨૦૧૭–૧૮ મા નવી મશીનરી ખરીદેલ હોય – જેથી કોન્ટ્રાકટ ડિમાન્ડ કરતા વધારાનો વીજભાર વપરાશ થયેલ. જે ઉકત મશીનરી તેઓએ દુર કરી ડિમાન્ડ વીજભાર કન્ટ્રોલ મા રાખેલ છે. તથા ભવિષ્યમાં તેઓ દ્રારા વીજવપરાશ મા તકેદારી રાખશુ, તેની બાંહેધરી આપેલ છે. તેમજ, ભવિષ્યમાં વીજવપરાશ મા વધારો કરવાની જરૂરીયાત લાગે તો જરૂરી રકમ ભરપાઈ કરી વીજભાર વધારા ની માંગણી કરીશુ.** |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, HT વીજગ્રાહક મે. શ્રિયા પીનટસ પ્રા. લી., ગ્રા. નં. ૨૮૫૨૪, લોડ-૪૦૦ કેવીએનું હયાત વીજજોડાણ રોડ પીપળીયા |

ગામ મુકામે ધરાવે છે. સદર ગ્રાહક દ્વારા તેમને વર્ષ ૨૦૧૭-૧૮માં તેમના HT વીજજોડાણમાં લોડ
વધારો વાપરવા અંતર્ગત કંપનીના સપ્લાય કોડ ૨૦૧૫ના ક્લોઝ નં ૪.૯૫ મુજબ ભાવપત્રક
આપવામાં આવેલ છે. જેના અનુસંધાને જણાવવાનુંકે ઉપરોક્ત ગ્રાહક દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮માં નીચે
દર્શાવ્યા મુજબ કોન્ટ્રાકટેડ ડીમાંડ ૪૦૦ કેવીએ કરતા વધુ વીજ લોડ વાપરતા માલુમ પડેલ છે.

| SR. NO. | MONTH | ACTUAL DEMAND | CONTRACT DEMAND | %EXCESS DEMAND |
|---|---|---|---|---|
| 1 | AUG-17 | 467 | 400 | 16.75 |
| 2 | OCT-17 | 460 | 400 | 15.00 |
| 3 | JAN-18 | 500 | 400 | 25.00 |
| 4 | FEB-18 | 453 | 400 | 13.25 |

આમ ઉપરોક્ત HT વીજગ્રાહક દ્વારા ક્લોઝ નં. ૪.૯૫ મુજબ વર્ષ ૨૦૧૭-૧૮માં કુલ ચાર વખત ૫%
કે તેથી વધારે કોન્ટ્રાક્ટ ડીમાંડ કરતા વધારે વીજલોડનો વપરાશ કરેલ હોય નિયમાનુસાર તેઓને
પત્ર નં. RRD/Rev/HT/૬૩૫૧તા.૧૭.૦૫.૨૦૧૮ થી જરૂરી નોટીસ પાઠવવામાં આવેલ.

પત્ર નં. RRD/T-1/HT/PROPOSAL/6973/DT.:25.05.2018 થી જરૂરી દરખાસ્ત ઉપલી કચેરીને
મોકલવામાં આવેલ અને ઉપરી કચેરી દ્વારા જરૂરી મંજુરી ના અનુસંધાને ગ્રાહકને જરૂરી ભાવપત્રક
કુલ રૂ. ૧૫૮૬૫૭૭=૦૦ નું તા.:૦૨.૦૭.૨૦૧૮ ના રોજ આપવામાં આવેલ છે.

ગ્રાહકશ્રી દ્વારા ભાવપત્રકની રકમ ભરપાઈ કરવામાં આવેલ નથી. સદર ભાવપત્રકમાં નીચે જણાવ્યા
મુજબનો ચાર્જ વસુલ કરવામાં આવેલ છે જેની વિગત નીચે મુજબ છે.

| SR. NO. | DESCRIPTION | QTY | AMOUNT RS. |
|---|---|---|---|
| 1 | REGISTRATION CHARGE | 1 | 700=00 |
| 2 | SECURITY DEPOSITE | 1 | 1505377=00 |
| 3 | GETCO PRORETA CHARGES | 1 | 80500=00 |
| | **TOTAL AMOUNT** | | **1586577=00** |

વધુમાં ઉપરોક્ત HT વીજગ્રાહક ના વીજ વપરાશ વર્ષ ૨૦૧૮-૧૯ સ્ટેટમેન્ટ મુજબ ગ્રાહકશ્રી દ્વારા
નીચે મુજબ તેમના હયાત ૪૦૦ કેવીએના વીજભાર સામે વીજલોડ નોંધાયેલ છે. જેની વિગત નીચે
મુજબ છે.

| CONTRACT DEMAND | APR-18 | MAY-18 | JUN-18 | JULY-18 | AUG-18 | SEP-18 | OCT-18 | NOV-18 |
|---|---|---|---|---|---|---|---|---|
| 400 KVA | 225 | 399 | 328 | **467** | 380 | **549** | 377 | 385 |

આમ ઉપર દર્શાવ્યા મુજબ સદર ગ્રાહકશ્રી દ્વારા ચાલુ વર્ષ ૨૦૧૮-૧૯ માં કુલ બે વખત માસ
જુલાઈ-૧૮ તથા સપ્ટે-૧૮માં કોન્ટ્રાક્ટ ડીમાંડ કરતા વધારે ડીમાંડ વાપરતા માલુમ પડેલ છે.

આમ મે. શ્રિયા પીનટસ પ્રા. લી., ગ્રા. નં. ૨૮૫૨૪ લોડ-૪૦૦ કેવીએ ને વર્ષ ૨૦૧૭-૧૮માં ક્લોઝ નં.
૪.૯૫ મુજબ વધારે ડીમાંડ ૪૦૦+૭૦=૪૭૦ કેવીએ ના રૂ.૧૫૮૬૫૭૭=૦૦ ભરવાપાત્ર જ થાય છે
તથા ગ્રાહકશ્રી દ્વારા સદર ભાવપત્રકની રકમ ન ભર્યે કંપનીના નિયમાનુસાર આગળની કાર્યવાહી
હાથ ધરવામાં આવશે.

મુદ્દા નં.–૩ : **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા ન. ૨.૧ મુજબ ની વિગતે, મે. શ્રિયા પીનટસ પ્રા. લી., HT વીજગ્રાહક નં. ૨૮૫૨૪, લોડ-૪૦૦ કેવીએનું હયાત વીજજોડાણ રોડ પીપળીયા ગામ મુકામે ધરાવે છે. સદર ગ્રાહક દ્વારા તેમને વર્ષ ૨૦૧૭-૧૮માં તેમના HT વીજજોડાણમાં લોડ વધારો વાપરવા અંતર્ગત કંપનીના સપ્લાય કોડ ૨૦૧૫ના ક્લોઝ નં ૪.૯૫ મુજબ ભાવપત્રક આપવામાં આવેલ છે. જે અનુસંધાને અરજદારા દ્વારા કાર્યવાહી ન થતા સામાવાળા દ્વારા તા. ૨૮.૧૧.૨૦૧૮ થી વીજજોડાણ અટકાવવાની નોટીસ આપેલ છે જે તેઓને લોડ વધારો બિન જરૂરી હોઈ ભાવપત્રક રદ કરવા તેમજ વીજજોડાણ કાયમી ચાલુ રાખવા માટે ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે. |
| ૩.૨ | દ્વારા ઉપરોક્ત મુદા નં ૨.૧ મુજબ સદર અરજદાર દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮માં નીચે દર્શાવ્યા મુજબ કોન્ટ્રાકટેડ ડીમાંડ ૪૦૦ કેવીએ કરતા વધુ વીજ લોડ વાપરતા માલુમ પડેલ છે. |

| SR. NO. | MONTH | ACTUAL BILLING DEMAND | CONTRACT DEMAND | EXCESS DEMAND |
|---|---|---|---|---|
| 1 | AUG-17 | 467 | 400 | 67(16.75%) |
| 2 | OCT-17 | 460 | 400 | 60(15.00%) |
| 3 | JAN-18 | 500 | 400 | 100(25.00%) |
| 4 | FEB-18 | 453 | 400 | 53(13.25%) |
| **Avg Demand** | | **470** | **400** | **70(18.00%)** |

**ઉપરોક્ત બાબતે નામદાર GERC ના સપ્લાય કોડ નોટીફીકેશન નં ૦૪/૨૦૧૫ ના મુદ્દા નં ૪.૯૫ નીચે મુજબ છે :-**

" In case of HT, EHT and Demand Based LT connections, if the maximum demand was recorded to be in excess of contract demand by 5% or more for at least four times during last financial year, the licensee shall issue a 30-day notice to the consumer for submitting an application form for enhancement of load. If there is no response from the consumer by the end of the notice period, the licensee shall start the procedure for enhancing the consumer's contract demand to the average of four recordings of maximum demand shown by the consumer's MDI meter in the last financial year. In such case, the consumer shall be liable to pay all applicable charges as per provisions of this Code for regularization of the enhanced demand. The enhanced demand will be considered as revised contact demand on receipt of such charges and all provisions of agreement shall be applicable to such consumers for revised contract demand.

In case of non-Demand Based LT connections, review of Contracted Load/ Sanctioned Load shall be carried out once in a financial year and if it is found that connected load on such type of connection is 25% or more than the Contracted Load/ Sanctioned Load in case of Residential Consumers and 10% or more than the Contracted Load/ Sanctioned Load in case of other categories of consumers, the licensee shall issue a 60-day notice to the consumer for submitting an application form for enhancement of load. *If there is no response from the consumer by the end of the notice period, the licensee shall start the procedure for enhancing the consumer's Contracted Load/ Sanctioned Load to the load found at the time of inspection. In such case, the consumer shall be liable to pay all applicable charges as per provisions of this Code for regularization of the enhanced load.* The enhanced load will

be considered as revised Contracted Load/ Sanctioned Load on receipt of such charges and all provisions of agreement shall be applicable to such consumers for revised Contracted Load/ Sanctioned Load."

**આમ ઉપરોક્ત HT વીજગ્રાહક દ્વારા ક્લોઝ નં. ૪.૯૫ મુજબ વર્ષ ૨૦૧૭-૧૮માં કુલ ચાર વખત ૫% કે તેથી વધારે કોન્ટ્રાક્ટ ડીમાંડ કરતા વધારે વીજલોડનો વપરાશ કરેલ હોય નિયમાનુસાર તેઓને પત્ર નં. RRD/Rev/HT/૬૩૫૧ તા.૧૭.૦૫.૨૦૧૮ થી જરૂરી** દિવસ–૩૦ ની **નોટીસ પાઠવવામાં આવેલ,** જે નિયમાધીન છે. જે અનુસંધાને – અરજદાર દ્વારા વીજભાર વધારો કરવા માટે કોઈ કાર્યવાહી સમયમર્યાદા મા કરાયેલ નથી, જેથી પીજીવીસીએલ પક્ષકાર દ્વારા તા.૦૨–૦૭–૧૮ થી અરજદારને નિયત ભાવપત્રક ભરપાઈ કરવા માટે – નિયમાધીન જાણકારી આપેલ છે.

ત્યારબાદ પીજીવીસીએલ ના પત્ર ૪૮૧૫ તા.૧૫–૦૬–૧૮ મુજબ – નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૮/૨૦૦૫ અન્વયે – સીકયોરીટી ડિપોઝીટ પેટે રૂ.૧,૭૧,૨૯૯/– ભરપાઈ કરવા જણાવેલ છે, જે અરજદારે રસીદ નંબરઃ૯૪૬૮૩ તા.૨૬–૦૬–૧૮ થી ભરપાઈ કરી આપેલ છે.

પરંતુ, અરજદાર દ્વારા **નોટીફીકેશન નં ૦૪/૨૦૧૫ ના મુદ્દા નં ૪.૯૫** ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અપાયેલ ભાવપત્રક ના ભરપાઈ ની કાર્યવાહી ન થતા – ડિસ કનેકશન નોટીસ તા.૨૮–૧૧–૧૮ થી અરજદાર ને ઈલેકટ્રીસીટીએકટ–૨૦૦૩ ના પેરા –૫૬ અન્વયે – ૧૫ દિવસમાં રૂ.૨૧,૫૦,૩૪૧/૧૪ ની રકમ ભરપાઈ કરવા જણાવેલ અન્યથા વીજજોડાણ કાપવા બાબતે ની કાર્યવાહી કરવામા આવશે, જે બાબત નિયમાધીન છે.

વધુમા નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદદા નં ૪.૯૫ ના અનુસંધાને – જીયુવીએનએલ ના પત્ર નં.–૪૬૯ તા.૨૧–૦૪–૧૮ દ્વારા અપાયેલ – ગાઈડ લાઈન મુજબ ના પોઈન્ટ નં.–૧ મા – જીયુવીએનએલ ની કોમેન્ટ નીચે મુજબ છે.

GUVNL's comments: ''Cause 4.95 of GERC Supply Code, 2015 provides that in case of EHT/HT and demand based-LT connection. If maximum demand was recorded to be in excess of contract demand by 5% or more for at least four times during last financial year, the Licensee shall issue a 30 day notice to the consumer for submitting an application from for enhancement for load, if there is no response of consumer at the end of period, license shall start procedure for enhancing the load.

Thus, as per the above provision of Supply Code, demand is to be enhanced either by obtaining application from consumer or by DISCOM at its own if consumer does not come forward for the same. Moreover, if undertaking as suggested by MGVCL is sought from consumers for either restricting the load/shifting of load at another place than it would be tantamount to allowing consumer one more chance of violation before initiating any action, which is not in accordance with provisions of Supply Code. However, in order to avoid grievances of consumer that DISCOM have not intimated about the violation and they are not in a position to take corrective actions within stipulated time, DISCOMs may issue a preliminary notice to the consumer upon occurrence of third violation in the financial year stating the details of occurrence previous three violation and will take action as per Supply Code if forth violation is occurred in the financial year.

It is understood that MGVCL has disconnected power supply of certain consumers due to not responding to the notice issued by MGVCL, and also not depositing estimate amount upon action initiated by MGVCL for Load enhancement as per the Supply Code -2015. The consumers have also represented to State Government. In this regard and also shown their inability to pay the entire estimate amount in one go, It is to mention that DISCOM has discretion to allow two months extension in time li it for payment of estimate amount to consumers.

In view of above, MGVCL may allow two months extension in time limit for payment of estimate in respect of those consumers whose connection is disconnected owing to not responding for enhancement of demand/nonpayment of estimate. However, for future, DISCOM may ensure to notify consumer upon occurrence of third event of default in a financial year. ''

વધુમા ઉપરોકત મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે – સદર અરજદાર દ્વારા વર્ષ–૨૦૧૮–૧૯ દરમ્યાન પણ નીચે મુજબ નોંધાયેલ છે.

| CONTRACT DEMAND | APR-18 | MAY-18 | JUN-18 | JULY-18 | AUG-18 | SEP-18 | OCT-18 | NOV-18 |
|---|---|---|---|---|---|---|---|---|
| 400 KVA | 225 | 399 | 328 | 467 | 380 | 549 | 377 | 385 |
| | -44% | 0% | -18% | 17% | -5% | 37% | -6% | -4% |

સદર બાબતે – ઉપરોકત અરજદાર દ્વારા માહે જુલાઈ–૧૮ અને માહે સપ્ટેમ્બર–૧૮ માં કરારીત ડિમાન્ડ કરતા – સપ્લાય કોડ – નોટીફિકેશન નંબર: ૦૪/૨૦૧૫ ના મુદદા નં.૪.૯૫ મા કરાયેલ જોગવાઈ અન્વયે – વધુ ડિમાન્ડ નો વીજવપરાશ કરેલ છે. સદર બાબતે – અરજદાર ની રજુઆત મુદદા નં. ૧.૨ મુજબ ની વિગતે જણાવેલ કે – ભવિષ્યમાં તેઓની કરારીત ડિમાન્ડ કરતા વધશે નહી.

પરંતુ, વર્ષ–૨૦૧૭–૧૮ મા નોંધાયેલ ડિમાન્ડ નોટીફિકેશન નંબર: ૦૪/૨૦૧૫ ના મુદદા નં.૪.૯૫ મા કરાયેલ જોગવાઈ અન્વયે – વધુ ડિમાન્ડ નો વીજવપરાશ કરેલ છે, જે અન્વયે – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કરાયેલ કાર્યવાહી નિયમાધીન હોય –આમ, અરજદાર ની મુદદા નં. ૧.૧ અને ૧.૨ મુજબ ની વિગતેની રજુઆત ગ્રાહય રાખવામા આવતી નથી, તેમ સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે.

**હુકમ**

**મુદદા નં.–૪:**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૨ મુજબ ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.